# 8 આનંદ જ આનંદ

**ચર્ચાના મુદ્દા :**

❀ તે કઈ કઈ જગ્યાઓ છે જ્યાં જુદા-જુદા પ્રકારના પ્રાણીઓને રાખવામાં આવે છે ? ❀ તમારા ઘરમાં કયું સમાચારપત્ર આવે છે ? ❀ સમાચારપત્ર માં શું વાંચવું તમને ગમે છે ?

પ્રાણી સંગ્રહાલયમાં ઘણા પ્રકારના પશુ-પક્ષી રહે છે. આ વાર્તા પ્રાણી સંગ્રહાલયમાં રહેતી સિંહણની છે. તે પોતાના પિંજરામાં આવી ગયેલ ગલૂડિયાં સાથે રમે છે. તેનું ધ્યાન રાખે છે, ત્યારબાદ ગલૂડિયાંના દૂર જવાથી ખાવા-પીવાનું બંધ કરી દે છે.



ગઈકાલે અમે પ્રાણી સંગ્રહાલય જોવા ગયાં હતાં. મુખ્ય દરવાજાથી અંદર જઈને થોડાં જ આગળ ગયાં હતાં ત્યાં સિંહની ભયંકર ગર્જના સાંભળવા મળી. થોડા લોકો આમથી તેમ ભાગવા પણ લાગ્યાં એવું દૃશ્ય દેખાયું.

અમે ડરી ગયાં કે ક્યાંક સિંહ પિંજરામાંથી બહાર આવીને કોઈ ઉપર ઝપટી તો નથી પડ્યો ને ! બે રડતા બાળકોની આંગળી પકડીને તેમના પિતાજી ઢસડીને લઈ જઈ રહ્યાં હતા.તેમની માં પાછળ-પાછળ આવી રહી હતી. પૂછવાથી ખ્યાલ આવ્યો કે એક સિંહણ છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભોજન નથી કરી રહી.કોઈ તેના પિંજરામાં જાય તો તે ખૂંખાર રૂપ ધારણ કરી લે છે અને તેના પર ઝપટે છે. પ્રાણી સંગ્રહાલયવાળા ભયભીત છે.



# અભ્યાસ

## શબ્દાર્થ

Word Power

આનંદ = ખુશી (Happiness)
ગર્જના = ડરાવે તેઓ અવાજ (Roar)
ખૂંખાર = ભયાનક (Fierce)
શાંત = ચૂપ (Silent)
વ્યસ્ત = કામમાં મશગૂલ (Busy care taker)
ભયંકર = ડર પમાડે તેવું (Fearful)
દશ્ય = આંખો સમક્ષ દેખાય તે (Visible)
ભયભીત= ડરેલા (Scared)
ગલૂડિયું = કૂતરાનું બચ્ચું (Puppy)
રક્ષક = રક્ષા કરનાર (security guard)

**શ્રુતલેખન :** ખૂંખાર, ગર્જના, પ્રસન્ન, રક્ષક, પિંજરું, ભયંકર, દશ્ય, આંગળી

• dictation

## સ્વાધ્યાય

### મૌખિક

Oral Expression
• recall
• description
• comprehension

૧. પ્રાણી સંગ્રહાલયમાં દાખલ થતાં જ કોની ગર્જના સાંભળવા મળી ?
૨. સિંહણ કોની સાથે રમી રહી ?
૩. ગલૂડિયું પિંજરામાં કેવી રીતે ઘુસી ગયું ?
૪. બચ્ચું ફરતું-ફરતું ક્યાં ચાલ્યું ગયું ?
૫. બચ્ચું કઈ વ્યક્તિને મળ્યું ?

### લિખિત

Written Expression
• recall • reasoning
M.I. – Intrapersonal
– bodily–kinesthetic

૧. ૧. સિંહણ લોકો પર શા માટે ઝપટી રહી હતી ?
૨. દાદાજીએ બાળકોને સમાચારપત્રમાં શું બતાવ્યું ?

૩. સિંહણની ઊંઘ કઈ રીતે ઊડી ગઈ ?

૪. સિંહણે ખાવા-પીવાનું બંધ શા માટે કરી દીધું હતું ?

૫. સિંહણનો ગુસ્સો શાંત કેવી રીતે થયો ?

## ૨. યોગ્ય ઉત્તરની સામે ( ✓ )ની નિશાની લગાવો.

MCQs

૧. સિંહણે કેટલા દિવસથી ખાધું નહોતું ?

☐ ૨-૩ દિવસ ☐ ૩ દિવસ ☑ ૩-૪ દિવસ ☐ ૫ દિવસ

૨. ગલૂડિયું કોના વાળ સાથે રમી રહ્યું હતું ?

☐ વાંદરાના ☑ સિંહણના ☐ બાળકોના ☐ દાદાજીના

૩. રક્ષકોને કયો ભય હતો ?

☑ સિંહણના મરવાનો ☐ ગલૂડિયાંના ભાગી જવાનો

☐ કૂતરાના ક્રોધના ☐ સિંહણના બીમાર થવાનો

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

પશુ પક્ષીઓ પ્રતિ કેવો વ્યવહાર કરવો જોઈએ ?

Values - care
- kindness
- humanity

# ભાષાજ્ઞાન

## ૧. વાંચો, સમજો અને બધાના બે-બે ઉદાહરણ લખો.

• clusters

ન્ન - પ્રસન્ન , ભિન્ન , ઉન્નતિ

લ્લ - પલ્લવ , મલ્લ , ચિલ્લર

ચ્ચ - બચ્ચું , સચ્ચાઈ , ખચ્ચર

## ૨. નીચેના શબ્દોના **વિરુદ્ધાર્થી શબ્દો** લખો.

બહાર X ...અંદર... | કાલ X આજ

• opposites

| | | | |
|---|---|---|---|
| દિન | X રાત | થોડું | X વધારે |
| જલદી | X ધીમે | પાછળ | X આગળ |
| પાસે | X દૂર | નાનું | X મોટું |
| શાંત | X અશાંત | હસવું | X રડવું |

## ૩. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

• synonyms

| | | | |
|---|---|---|---|
| આનંદ | - ખુશી | ભય | - ડર |
| ભયંકર | - ભયજનક | શાંત | - નીરવ |
| ભોજન | - ખોરાક | કોલાહલ | - અવાજ |
| દૃશ્ય | - નજારો | માં | - માતા |
| પ્રાતઃ | - સવાર | સમાચારપત્ર | - અખબાર |

## ૪. નીચે દર્શાવાયેલ શબ્દોની મદદથી ખાલી જગ્યા પૂર્ણ કરો.

(માં, ના, પર, થી, ની, એ)

૧. બાળકો<u>ની</u> આંગળી પકડીને પિતા તેમને લઈને આવી રહ્યા હતા.

૨. બાળકો સિંહણ ...ના... પિંજરા પાસે હતા.

૩. ગલૂડિયું સિંહણના પિંજરા ...માં... ઘૂસી ગયું.

૪. ગલૂડિયું સિંહણ ...પર... ચડીને તેના વાળ સાથે રમવા લાગ્યું.

૫. દુકાનદારના દીકરા ...એ... ગલૂડિયાને ઉઠાવી લીધું.

૬. તેણે ગલૂડિયાને દોરી ...થી... બાંધી દીધું.

## ૫. નીચેના વાક્યોમાં દર્શાવાયેલ **સંજ્ઞાને** રેખાંકિત કરો.

• noun

૧. ગઈકાલે અમે પ્રાણી સંગ્રહાલય જોવા ગયા હતાં.

૨. દાદાજી સમાચારપત્ર વાંચી રહ્યા હતા.

૩. ચાર દિવસ પસાર થઈ ગયા.

૪. તે રુચિ, રૂપક અને મનીષ સાથે રમી રહી હતી.

૫. રક્ષક ગલૂડિયાને ત્યાંથી લઈ આવ્યા.

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. આલબમમાં પાંચ પ્રાણીઓના ચિત્રો ચોટાડીને તેના વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો.

૨. પાળેલા પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓ વિશે વર્ગમાં ચર્ચા કરો.

૩. હોળીના તહેવાર વિશે પાંચ વાક્યોનો એક ફકરો લખો.

- creative writing
- discussion
- visit to zoo
- observation, listing

M. I.– linguistic

**સવિશેષ :**

૧. તમારા શહેરના પ્રાણી સંગ્રહાલયમાં ફરવા માટે જાઓ.

૨. પ્રાણી સંગ્રહાલયમાં તમે કયા-કયા પ્રાણીઓ જોયા તેની યાદી બનાવો.

## શું તમે જાણો છો ?

૧. દુનિયાનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય અમેરિકામાં છે, તેનું નામ છે સેન-ડી આગો.

૨. પ્રાણી સંગ્રહાલય સિવાય આપણે પ્રાણીઓને રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યમાં પણ જોઈ શકીએ છીએ. તે પ્રાણીઓના કુદરતી આવાસ હોય છે. અહીં પ્રાણીઓ નિશ્ચિંત થઈને પોતાનું સ્વતંત્ર જીવન જીવે છે.